<u>વેટરનરી કૉલેજ, આણંદ દ્વારા શહીદદિન ની ઉજવણી</u>

વેટરનરી કૉલેજ, આણંદ દ્વારા ૨૩ મી માર્ચ, શુક્રવાર ના રોજ રાષ્ટ્રીય શહીદ દિન નિમિત્તે કોલેજના કપિલા સેમિનાર હોલ માં ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પાંચ વર્ષના વિદ્યાર્થીઓની વર્ષ દીઠ એક એમ કુલ પાંચટીમ્સ પ્રતીસ્પર્ધિત થયેલ હતી. દેશ ને સ્વતંત્ર કરવાં ના ઉદ્દેશ્ય થી દેશ માટે બલિદાન આપનાર શહીદો ને ધ્યાન માં રાખી ને ક્વીઝસ્પર્ધા યોજવા માં આવેલ હતી. ખુબજ રસાકસી બાદ પાંચમા વર્ષ ના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમાંકે તેમજ ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વિતીય ક્રમાંકે રહ્યા હતા.વિજેતા બંને ટીમને ઇનામ રૂપે શહીદોના પુસ્તકો ભેટ આપીને નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. એ. એમ. ઠાકર સાહે બે વિશેષ હાજરી આપી વિદ્યાર્થીઓને સંગઠનશક્તિ નું મહત્વ તેમજ પોતાની એક ડોક્ટર તરીકે દેશ નાં ઘડતર પ્રત્યેની અનન્ય ફરજ વિશે સમજાવ્યું હતું તેમજ આ પ્રસંગે વિદ્યાર્થી સંઘ અધ્યક્ષ ડૉ. જીતેન્દ્ર નાયક સાહેબે વિધ્યાર્થીઓને જીવનના ઘડતર માં સંસ્કૃતિનું મહત્વ જેવા ગુઢ વિષય પર પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગ ને સંપૂર્ણ રીતે સફળબનાવવામાં છ વિદ્યાર્થીઓ નીલ પટેલ,રોનક પટેલ, ધ્રુવ લ ભટ્ટ, રાજકુમાર સુરેજા,આફતાબ શેઠતથા નીરવ પટેલનો ખૂબ જ અગત્યનો ફાળો હતો. કાર્યક્રમમાં વિવિધ હૃદયસ્પર્શી પ્રસં ગોની ઊંડાણે ચર્ચા કરી સૌ શ્રોતાગણ ને માહિતગાર કર્યા હતાં.સમગ્ર મહાવિદ્યાલય ના વિદ્યાર્થીઓ એ ખૂબ જ મોટીસંખ્યામાં હાજરી આપી શહીદદિન ના દિવસે દેશ ના સપૂતો પ્રતિ ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જીતેન્દ્ર ચૌધરી,મદદનીશ પ્રાધ્યાપકે સફળતા પૂર્વક સંપન્નકર્યુંહતું.

